## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ડેડી, આ વર્ષે મારામાં ભાવ અને ભક્તિ વધારે થઈ ગયા છે... માટે મારે રાત્રે મોડું થાય તો ચિંતા ન કરશો...

# ચંદ્રાલા ખાતે બિલ્ડીંગ મટીરીયલ્સની દુકાનમાં ચોરી

ગાંધીનગર,તા. ૨૫

ચિલોડા-હિંમતનગર માર્ગ પર ચંદ્રાલા પાસે માધવ ફાર્મમાં સુનિલ પુંજાભાઈ પટેલ પોતાના પરિવાર સાથે રહે છે અને છેલ્લા ૧૯ વર્ષથી ચંદ્રાલા બીએસએનએલ ટાવર પાસે કિષ્ણા ટ્રેડર્સ નામની ખેતી ઉપયોગી અને બિલ્ડીંગ મટીરીયલ્સનો વ્યવસાય કરે છે. કિષ્ણા ટ્રેડર્સ નામની દુકાનમાં સવારે ૭ થી સાંજના ૭ વાગ્યા સુધી ખુલ્લી રહે છે અને દુકાન ખાતે સુનિલભાઈ અને તેમનો ભત્રીજો અક્ષય પટેલ પણ હાજર હોય છે. ગત તા.૨૩ સપ્ટેમ્બરના રોજ સાંજના સાડા સાત વાગ્યાના અરસામાં દુકાન બંધ કરીને તેઓ ઘરે ગયા હતા. જયારે સવારે સાત વાગ્યાના અરસામાં દુકાને આવીને જોયું તો દુકાનનું શટર ઉંચુ હતું અને દુકાનમાં રહેલો સામાન અસ્ત વ્યસત પડેલો હતો. દુકાનની અંદર ઘુસીને ચોર ઈસમોએ રોકડા રૂ. ૧૫ હજાર અને બિલ્ડીંગ અને ખેતી ઉપયોગી ચીજવસ્તુઓ મળીને કુલ રૂ.૩૭૭૬૧ મુદ્દામાલની ચોરી કરી ચોર ઈસમો પલાયન થઈ ગયા છે.બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ચોર ઈસમોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.



મગોડી પી.આર. ઠક્કર વિદ્યા વિહાર ખેલ મહાકુંભ-૨૦૧૯ રસ્સાખેંચ સ્પર્ધામાં પ્રથમ સ્થાને વિજેતા

ખેલ મહાકુંભ-૨૦૧૯ અંતર્ગત ગાંધીનગર જિલ્લાની જિલ્લાકક્ષાની રસ્સાખેંચ સ્પર્ધા મગોડી પી.આર. ઠક્કર વિદ્યા વિહારમાં યોજાઈ હતી. આ સ્પર્ધામાં જિલ્લાની કુલ ૨૪ ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં અન્ડર-૧૭માં પી.આર. ઠક્કર વિદ્યાવિહારના વિદ્યાર્થીઓએ જિલ્લાકક્ષાએ પ્રથમ સ્થાને વિજય હાંસલ કર્યો હતો. વિજેતા વિદ્યાર્થીઓને તથા માર્ગદર્શક વ્યાયામ શિક્ષક જે.બી. ચૌધરીને શાળાના આચાર્ય મનુભાઈ પ્રજાપતિ તથા શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવ્યા હતા.

# ડેન્ગ્યુની બિમારી અંગે સાવચેતી રાખવી જરૂરી

ગાંધીનગર, તા.૨૫

પાટનગરમાં વહેલી સવારે ઠંડીનો નજીવો ચમકારો લાગે છે, દિવસ દરમિયાન તાપમાન રહે છે. પરિણામે પંખા-એસી ચાલુ રહે છે. આમ બેવડી ઋતુના કારણે સ્વાસ્થ્ય ઉપર અસર થાય તે સ્વાભાવિક છે. અને તે કારણોસર દર્દીઓની સંખ્યામાં રોજબરોજ વધારો થાય છે. બિમારીનું નામ સાંભળતા જ કુટુંબીજનો ચિંતાતુર થાય છે. આજકાલ ઘરે ઘરે ડેન્ગ્યુની બિમારી ફેલાઈ છે ત્યારે આ સંજોગોમાં સ્વચ્છતા જળવાઈ રહે તે ખૂબ જરૂરી છે. આવા દર્દીને આસપાસ પણ કોઈને જવા દેવા નહીં અને થોડી ઘણી સાવચેતી દર્દીના કુટુંબીજનોએ પણ રાખવા અખબારી યાદીમાં જણાવાયું છે.



આલમપુર એપીએમસી સબ માર્કેટયાર્ડ ખાતે રાષ્ટ્રીય એકતા અભિયાન કાર્યક્રમ યોજાયો

રાષ્ટ્રીય એકતા અભિયાન એક દેશ એક બંધારણ મંત્રની સાર્થકતા સાથે ગાંધીનગર તાલુકાના આલમપુર ખાતે એ.પી.એમ.સી. સબ માર્કેટયાર્ડમાં રાષ્ટ્રીય એકતા અભિયાન અંતર્ગત ધારા ૩૭૦ અને ૩૫-એ રદ કરી તે અંગે દરેક દુકાનદાર વેપારી તથા ખેડૂત મિત્રોને રૂબરૂ મુલાકાત કરી આ અંગેની સમજ સાથે માહિતી પત્રિકા આપી હતી. આ પ્રસંગે એ.પી.એમ.સી.ના ચેરમેન અશોકભાઈ એચ. પટેલ વકીલ, વાઈસ ચેરમેન અનિલસિંહ એમ. વાઘેલા તથા ડીરકટરો, ભારતીય જનતા પાર્ટીના ગાંધીનગર જિલ્લાના સંયોજક નરેન્દ્રસિંહ ઝાલા, ગાંધીનગર દક્ષિણના સંયોજક જૈમિનભાઈ પટેલ, સહ સંયોજક બાલુસિંહ ઠાકોર, લલિતસિંહ યાદવ, અતુલભાઈ પટેલ સહિત ઉપસ્થિત રહી કાર્યક્રમ દ્વારા દરેક દુકાનદાર વેપારીઓ તથા ખેડૂતો મિત્રોનો ડોર ટુ ડોર સંપર્ક કરી આ અંગેની વિસ્તૃત સમજ આપી પત્રિકાનું વિતરણ કરી સર્વે નાગરિકોનું ધારા અંગે સમર્થન મેળવવા સહયોગી બન્યા હતા.

# કોર્ટ રૂમનુ તાળુ તોડનાર ચોર વિક્રમ બચુની અટકાયત

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર કોર્ટ બિલ્ડીંગમાં ત્રીજા માળે તાળુ તોડનાર શખ્ને પોલીસો ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો છે. અંદાજીત એક દાયકા પહેલા શહેરમાં ઘરફોડ ચોરીમાં હાહાકાર મચાવનાર રીઢો ઘરફોડીયો વિક્રમ બચુ ઠાકોરને પોલીસે તેના ઘરેથી દબોચી લીધો છે. સેકટર-૨૧ પોલીસ મથકે વર્ષ ૨૦૧૬માં નોંધાયેલી ઘરફોડ ચોરીના ગુનામાં કોર્ટમાં મુદતે આવેલ વિક્રમ ત્રીજા માળે આવેલી નવમાં એડિશનલ સિવિલ જજ એચ.આર.પરમાર સાહેબની કોર્ટમાંથી પોતાના જ કેસના કાગળીયાની ચોરી કરી હતી. કોર્ટ રૂમના તાળા તોડ્યા પછી આરોપી બિન્દાસ બની સે-૪ એ પ્લોટ નં.૧૭૭-૧ ખાતે પોતાના ઘરે જ હતો. સેકટર-૭ ડી સ્ટાફ પીએસઆઈ એ.જે.શાહે પોતાની



ટીમ સાથે મળીને સીસીટીવી ફુટેજથી આરોપીને પહેલાથી ઓળખી પાડ્યો હતો. ત્યારે કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહની બાતમી ને પગલે આરોપીને પકડી પાડ્યો હતો. કોર્ટ બિલ્ડીંગના ત્રીજા માળે બાથરૂમમાં સંતાઈ ગયેલ વિક્રમ બધા જતા રહ્યા પછી બહાર નીકળ્યો હતો.

પોતાના શર્ટ દ્વારા મોંઢુ ઢાકીને તેણે કેમેરામાં રૂમાલ નાંખી દીધો હતો. ત્યારબાદ બધા કેમેરાની બધી લાઈટો બંધ કરી દીધી હતી. જો કે આરોપીનો એક પગ પ્લાસ્ટીકનો હોવાથી તેને ચાલવામાં તકલીફ પડે છે. જેથી મોઢુ સંતાડીને આવેલા વિક્રમની ચાલ પરથી દિવસના સીસીટીવી ફુટેજ જોઈ ચેક કરીને પોલીસે તેને ઓળખી લીધો હતો. ચોરી કર્યા પછી તે ફરીથી બાથરૂમમાં સંતાઈ ગયો હતો. ત્યારબાદ નાગરીકોની અવરજવર વધતા તે કોર્ટમાંથી નીકળી ગયો હતો.



તાજેતરમાં ભારત સરકારના પશુપાલન મંત્રી દ્વારા બ્રાઝીલમાં સ્થાઈ ગીર સાંઢના એખ લાખ સીમેન્ટ ડિઝીઝની ભારતમાં યોજના બનાવવામાં આવી છે. આ યોજનાનો વિરોધ કરવા ડેલીગેશન દ્વારા દિલ્હી રૂબરૂ ગિરીરાજસિંહને રજૂઆત કરવામાં આવી હતી.



ભાટ ટોલટેક્ષ પાસે કોટેશ્વરના ખેડુત પર હુમલો કરનાર પાંચ શખ્સોની અટકાયત

ભાટ ટોલટેક્ષ પાસે ચા ની કિટલી ઉપર જમીનની ચર્ચા માટે બોલાવીને "તુ અમારા ઉપર ખોટી-ખોટી ફરીયાદ કરાવી હેરાન કરે છે" તેમ કહીને ગાંધીનગર જિલ્લા પંચાયતના ૬૦ વર્ષિય સદસ્ય પર ૭ શખ્સોએ હુમલો કર્યો હતો. જેને પગલે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે પાંચ શખ્સોની અટકાયત કરી છે. જેમાં ભાવેશ ઉર્ફે બકો રામજીભાઈ દેસાઈ જનતાનગર, જીવા નાગજીભાઈ રબારી અડાલજ, વાગજી ઈશ્વરભાઈ રબારી જમીયતપુરા, બાબુ ભગવાનભાઈ દેસાઈ ચાંદખેડા, અલ્પેશ ઉર્ફે લાલો ગાંડાભાઈ દેસાઈનો સમાવેશ થાય છે. કોટેશ્વર પટેલવાસમાં રહેતા ઉમેશભાઈ હરગોવનભાઈ પટેલ (ઉં.વ.૬૦) પર હુમલાની ઘટનામાં આરોપીઓ લાકડીઓ લઈને તુટી પડ્યા હતા. જેથી ઉમેશભાઈના હાથે પગે ફ્રેકચર થયું છે. ઈન્ફોસીટી પોલીસે આરોપીઓને કોર્ટમાં રજુ કરતા તેમના ત્રણ દિવસના રીમાન્ડ મંજુર થયા હતા.

# સમગ્ર વાવોલ વિસ્તારમાં ઘરે ઘરે માંદગીના ખાટલા જેવી હાલત

**વરસાદી પાણીના ભરાવા સાથે કાદવ-કિચડના કારણે માખી-મચ્છર વગેરેનો ઉપદ્રવ વધ્યો : ડેન્ગ્યુ-મેલેરિયા સહિતની બિમારીઓના દર્દીઓ વધ્યા : સત્વરે દવા છંટકાવ સહિતના આરોગ્ય વિષયક પગલાં ભરાય તેવી રહીશોમાં માંગ**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં એક તરફ વરસાદ અટકવાનુ નામ લેતો નથી અને બીજી તરફ શહેરના અનેક વિસ્તારોમાં ઋતુજન્ય બિમારીઓ જેવી કે તાવ-શરદી-સળેખમ, હાથ-પગ તુંટવા, ઝાડા-ઉલ્ટી વગેરે વધી રહ્યાં છે તે સાથે સાથે ડેન્ગ્યુ-મેલેરિયા જેવા ગંભીર રોગો પણ માથુ ઉંચકી રહ્યાં છે.

ગાંધીનગરના વાવોલ ખાતે ડેન્ગ્યુ-મેલેરિયા સહિતની બિમારીઓનો વ્યાપ એટલો વધવા પામ્યો છે કે જેને કારણે "ઘરે ઘરે માંદગીના ખાટલા" જેવી સ્થિતિ સર્જાવા પામી છે. આ સ્થિતિમાં આરોગ્યતંત્ર દ્વારા સત્વરે પગલાં લેવામાં આવે અને રોગજન્ય જીવાણુઓના ઉપદ્રવને નાથવા દવા છંટકાવ સહિતના પગલાં લેવાય તેવી સમગ્ર વાવોલ વિસ્તારમાં માંગ ઉઠવા પામી છે.

વાવોલમાં ઠેર ઠેર વરસાદી પાણીના ભરાવા, કાદવ-કિચડ અને ગંદકીની પરિસ્થિતિ જોવા મળી રહી છે જેને કારણે આ વિસ્તારમાં રોગજન્ય જીવાણુઓ જેવા કે માખી-મચ્છર વગેરેના ઉપદ્રવે માઝા મુકી છે. આ કારણે સમગ્ર વાવોલના ગ્રામ્ય તથા નવા વિકસેલા સોસાયટી વિસ્તારમાં ડેન્ગ્યુ-મેલેરિયા સહિત અનેક પ્રકારની બિમારીઓને વ્યાપ ખૂબ વધી જવા પામ્યો છે. સમગ્ર વિસ્તારમાં દવાખાના દર્દીઓથી ઉભરાઈ રહ્યાં છે અને શહેરની સિવિલ હોસ્પિટલમાં પણ આ વિસ્તારના દર્દીઓની સંખ્યા નોંધપાત્ર જોવા મળી રહી છે. આ ઋતુજન્ય બિમારીઓની ઝપટમાં નાના બાળકોથી માંડીને યુવાનો, મહિલાઓ, વયોવૃદ્ધ વડિલો પણ બાકાત નથી. લગભગ દરેક મહોલ્લા કે સોસાયટીમાં ૧૨ થી ૧૫ વ્યક્તિ બિમાર હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. આ વિસ્તારમાં વધુ રોગચાળો ફાટી ના નિકળે તે હેતુથી આ સ્થિતિને નિયંત્રિત કરવા આરોગ્ય તંત્રએ સત્વરે પગલાં લેવાની તાતી જરૂરિયાત જણાઈ રહી છે.

# ગાંધીનગરના જૈન સંઘના આંગણે રાજ્યની ૩૦૪ પાંજરાપોળોને ૩ કરોડનું દાન પ્રાપ્ત થયું

**સે-૨૨ જૈન શ્વેતાંબર દેરાસર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં જૈન સંઘોના ટ્રસ્ટીઓએ દાન વર્ષા કરી : રાજ્ય સરકાર 'પાંગળા પોળ'ને બારમાસી સહાય આપે : પૂ. ઉદયવલ્લભસુરિજી**

ગાંધીનગર, તા.૨૫

આજે ગાંધીનગરના સેકટર-૨૨માં જૈન શ્વેતાંબર દેરાસરના આંગણે ઐતિહાસિક ઘટના સર્જાઈ હતી જેમાં મુંબઈ ઉપરાંત રાજયના અનેક શહેરોમાંથી આવેલા જૈન સંઘોના ૧૦૦થી વધુ ટ્રસ્ટીઓએ અબોલ પશુઓની સારસંભાળ માટે દાનની સરવાણી વહાવી હતી. આકાશમાંથી વરસી રહેલા વરસાદની જેમ વરસેલા દાનના પ્રવાહનો આંકડો રૂ. ૩ કરોડને પાર પહોંચી ગયો હતો જેને રાજયભરની કુલ ૩૦૪ પાંજરાપોળના સંચાલકોએ હેતે ઝીલ્યો હતો. જૈનાચાર્ય પૂ. ઉદયવલ્લભ સુરિ મ.સા.ની નિશ્રામાં યોજાયેલા આ કાર્યક્રમમાં રાજય સરકારના મંત્રી ઈશ્વરભાઈ પરમાર આ અદભૂત ઘટનાના સાક્ષી બન્યા હતા.

ગાંધીનગર જૈન સંઘના યજમાનપદે મુંબઈ, સુરત, અમદાવાદ, જામનગર, પોરબંદર, ગાંધીનગર, નડિયાદ, મહેસાણા, હિંમતનગર સહિતના સ્થળોએથી જૈન સંઘોના ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે ઉપસ્થિત



પાંજરાપોળોના સંચાલકોએ માત્ર અઢી કલાકના કાર્યક્રમમાં રૂ. ૩ કરોડથી વધુ દાનની રકમના ચેક પ્રાપ્ત કર્યા હતા. આ પ્રસંગે પાંજરાપોળોના સંચાલકોએ તેમની સમસ્યાઓમાં મુખ્યત્વે 'પહોંચની બહારનો ખર્ચ' થતો હોવાનો સૂર વ્યકત કરી પશુ દીઠ રૂ. ૩૦થી રૂ. ૩૫ સુધીની બારમાસી સહાય સરકાર મંજુર કરે તેવી લાગણી વ્યકત કરી હતી. આ સમયે પૂ. ઉદયવલ્લભસુરિજીએ રાજય સરકારે ગત વર્ષે અછત દરમિયાન પાંજરાપોળોને કરેલી સહાયની મુકત મને પ્રસંશા કરવા સાથે પાંજરાપોળોની માંગણીને અનુમોદન આપ્યું હતું. આ સાથે તેમણે પાંગળા પશુઓની સેવા કરતી પાંજરાપોળો પોતે 'પાંગળા પોળ' બની હોવાનું કહેતા ૧૫૦ વર્ષથી પણ વધુ સમયથી પશુઓને નિભાવવા બદલ ધન્યવાદ આપ્યા હતા. આ સાથે ઉપસ્થિત મંત્રી ઈશ્વરભાઈ પરમારે પણ આ બાબતે સરકારમાં રજૂઆત કરી આ દિશામાં યોગ્ય નિર્ણય કરવાની હૈયાધારણ આપી હતી.

# શનિવારે સે-૨૭માં સર્વપિત્રી અમાવાસ્યા નિમિત્તે વિષ્ણુ પૂજા પિતૃતર્પણનું આયોજન

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના સેકટર-૨૬ના શ્રી સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા શનિવારે સર્વપિત્રી અમાવાસ્યા દિવસે સમૂહ 'વિષ્ણુ પૂજા પિતૃતર્પણ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સેકટર-૨૭ના રંગમંચ ખાતે સવારે ૭.૩૦ થી ૯ કલાક દરમિયાન ભરતભાઈ રાવલના આચાર્યપદે યોજાશે.

સમૂહ વિષ્ણુ પૂજા પિતૃતર્પણ કાર્યક્રમમાં ભાગ લેવા માંગતા બ્રહ્મબંધુઓએ તેમના સ્વર્ગસ્થ માતા પિતા તથા સ્વજનની તસવીર, પંચ પાત્ર, થાળી-વાટકી, ચમચી, પાણીનો લોટો, નેપકીન વગેરે સાથે લઈને આવવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે. આ કાર્યક્રમ તદ્દન નિઃશુલ્ક છે જેના આયોજનમાં સેકટર-૨૬ના સમસ્ત બ્રહ્મસમાજના કારોબારી સભ્યો તથા સલાહકાર સમિતિ દ્વારા સેકટર-૨૫, ૨૬ અને ૨૭ના તમામ બ્રહ્મબંધુઓને ભાગ લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. પિતૃતર્પણમાં સામેલ થવા ઈચ્છતા બ્રહ્મબંધુઓએ તા. ૨૬મી સપ્ટેમ્બર ગુરુવાર સુધીમાં તેમના નામ નોંધાવી દેવા જણાવાયું છે જે માટે દિનેશભાઈ જાનીનો મો.નં. ૯૬૮૭૬૨૩૬૭૭, ડૉ. દિવ્યેશ શાસ્ત્રીનો મો.નં. ૯૪૨૬૪ ૨૦૨૫૯ અથવા રાજન ત્રિવેદીનો મો.નં. ૭૮૭૪૬૮૩૧૨૬ પર સંપર્ક સાધવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે મહિલા શક્તિ કેન્દ્ર યોજના અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૫

ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની મહિલા શક્તિ કેન્દ્ર યોજના વિશે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં સમાજકાર્ય વિભાગ દ્વારા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મહિલા કલ્યાણ અધિકારી તન્વીબહેન ચાવડા, જિલ્લા કો-ઓર્ડિનેટર દામિનીબેન ગજ્જર અને જિલ્લા કો-ઓર્ડિનેટર વિધિબેન પટેલે તજજ્ઞ તરીકે સેવાઓ આપી હતી. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં સમાજકાર્ય વિભાગના અધ્યક્ષ ડૉ. નીલેશ પંડ્યાએ સૌને આવકારીને સશક્ત મહિલા એ ઉજ્જવળ રાષ્ટ્ર માટેની મૂડી છે તેમ જણાવીને સૌને અભિપ્રેરીત કર્યા હતા.

કાર્યક્રમના આરંભે તન્વીબેન ચાવડાએ મહિલા શક્તિ કેન્દ્ર યોજના વિશે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. દામિનીબહેન ગજ્જર અને વિધિબેન પટેલે મહિલાઓની સ્થિતિ, મહિલાઓના પ્રશ્નો અને સ્વ-બચાવ માટે ફિલ્મ અને વક્તવ્ય દ્વારા વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. સમાજકાર્ય વિભાગના અધ્યાપક નિલેશ રાઠોડ અને રીનાબહેન રાઓલે કાર્યક્રમમાં કામગીરી કરી હતી. આ સમગ્ર કાર્યક્રમના સંયોજક ડૉ. ક્રિષ્ટીના પરમાર હતા.

# ગુજરાત રાજ્ય બિહોલા રાજપૂત સમાજનું યુવા સંમેલન યોજાયુ

ગાંધીનગર, તા. ૨૫

બિહોલા રાજપૂત સમાજ, ગુજરાત રાજ્ય યુવા સંમેલન, ગાંધીનગર જિલ્લાના મગોડી ગામે યોજાયું હતું. બિહોલા રાજપૂત સમાજ દ્વારા યુવાનોને શિક્ષણ, વ્યસન તેમજ કારકિર્દી માટે મનન તેમજ મંથનના વિચારોથી યુવાનોને માર્ગદર્શન તેમજ પ્રેરણા અને પ્રોત્સાહન આપતો કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના તેમજ દીપપ્રાગટ્યથી કરવામાં આવી હતી, ગામેગામથી પધારેલા બિહોલા યુવાનો તેમજ વડીલો અને બહેનો તેમજ માતાઓ મોટી સંખ્યામાં હાજર રહીને એકતાના દર્શન કરાવ્યા હતા. કાર્યક્રમમાં પધારેલા દરેક ગામના બિહોલા યુવાનોના પ્રતિનિધિઓને સ્ટેજ ઉપર બેસાડીને સામાજિક તેમજ સંગઠનની જવાબદારી સોંપવામાં આવી હતી. કાર્યક્રમના અધ્યક્ષ મહિપતસિંહજી બિહોલા (મગોડી)ના સાનિધ્યમાં કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમમાં બિહોલા રાજપૂત સમાજના ઉપપ્રમુખ પ્રદિપસિંહજી બિહોલાએ યુવાનોને સખત મહેનત તેમજ સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ માટે શીખ આપી હતી. બિહોલા રાજપૂત સમાજ, ગુજરાત રાજ્યના મહામંત્રી જીલુસિંહજી બિહોલાએ યુવાનોને જણાવેલ કે તલવારથી નહિ પરંતુ કલમથી દુનિયા ચાલે છે, એટલે શિક્ષણ જ સર્વસ્વ છે, તેવું આહવાન કર્યુ હતુ. તેમજ શિક્ષણ ફરજીયાત જીવનમાં લેજો તેવી ટકોર કરી હતી. તેમજ દિવાળી બાદ બિહોલા રાજપૂત સમાજ, ગુજરાત રાજ્યનું સ્નેહમિલન ગાંધીનગર મુકામે યોજાશે તેવી જાહેરાત કરી હતી. આ તબક્કે સંગઠન મંત્રી દિલીપસિંહજી બિહોલા (એડવોકેટ)એ સમાજના કુરિવાજોને નાબુદ કરવા અને શિક્ષણને વેગ આપવા અપીલ કરી હતી.

કાર્યક્રમ બાદ મગોડી ગામના યુવાનો દ્વારા સુંદર ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. મગોડી ગામમાં આવેલ રાહિલબા વૃદ્ધાશ્રમના વૃદ્ધોને સમાજના તમામ ભાઈઓ અને વડીલોએ ભાવ અને પ્રમથી ભોજન કરાવ્યુ હતુ. તેમજ વૃદ્ધાશ્રમની પ્રવૃત્તિથી વાકેફ કર્યા હતા. વૃદ્ધોને જોઈને દરેક માણસની આંખમાં આંસુ ટપકવા લાગ્યા હતા તેમજ સેવાકીય પ્રવૃત્તિઓ જોઈને દાન તેમજ ભેટ માટે સૌ આગળ આવ્યા હતા. કાર્યક્રમના સંચાલનની જવાબદારી કરણસિંહ બિહોલાએ ઉપાડી હતી.

**DA-IICT, Gandhnagar invites applications for Laboratory Attendants under the Government of Guiarat Apprenticeship Scheme**

Applicant should be ITI holder in Electronics OR Electronics Systems Itflaintenance OR Radio and Television OR Electronics Mechanic OR Electrical Engineering. The selected candidates will be placed in apprenticeship in multiple tasks of Laboratories including operations and maintenance of Audio-Visual Equipment and usage of devices to take attendance of students on shift basis. A consolidated apprenticeship remuneration of Rs.8,000/-will be paid.

**Apply within 7 days to HR Office**

**Dhirubhai Ambani Institute of Information and Communication Technology,**

**Gandhinagar 382 007.**